# ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ

પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ
સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોનનં. : ૦૨૮૫ –૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : www.pgvcl.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૦૭/ક્વા-૦૧/૨૦૨૨-૨૩ / ૫૩૬૧ તા. 27 JUN 2022

રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત

પ્રતિ,
અજય મુરૂભાઈ ગોજીયા
રે. ક્રિષ્ના પાર્ક,
રીલાયન્સ પેટ્રોલ પંપ પાસે, લાલપુર
જી. :જામનગર, પીનકોડ. :૩૬૧૧૭૦ મોબાઈલ : ૯૭૨૫૩૧૮૨૭૫

વિષય : અમારા નવા ખેતી વિષયક વીજજોડાણ અંગે.
સંદર્ભ : અજય મુરૂભાઈ ગોજીયા ની રજુઆત તારીખ: નીલ
(અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૦૦૭/ક્વા-૦૧/૨૦૨૨-૨૩)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.
નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, ખંભાળીયા

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ખંભાળીયા ગ્રામ્ય

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૦૭/ક્વા-૦૧/૨૦૨૨-૨૩/4361 તા.27.6.22

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૦૦૭/ક્વા-૦૧/૨૦૨૨-૨૩**

અરજદાર: શ્રી અજય મુરૂભાઈ ગોજીયા ગામ – લાલપુર

સબડીવીઝન: ખંભાળીયા ગ્રામ્ય

:: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી ખંભાળીયા

:: ફોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી એન.સી.મકવાણા |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી એન.આઈ.ઉપાધ્યાય |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જામનગર

તારીખ: મંગળવાર (૨૪-૦૫-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૪-૦૫-૨૦૨૨ (મંગળવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

:: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમોએ ઉપરોકત અનુસંધાનથી આંબરડી દેવળીયા ગ્રામ પંચાયતની હદ માં રેવન્યુ સ.નં. ૧૬૭ માં ખેતી વિષયક વિજ જોડાણ મેળવવા માટે અંદાજપત્રક ભરેલ છે અને અમારા વિજ જોડાણ માટેનું લાઈનકામ પણ પૂર્ણ કરી દેવામાં આવેલ છે.હવે સબ ડિવિઝન દ્વારા તા. ૨૮/૦૯/૨૦૨૧ ના રોજ પત્ર દ્વારા અમોને જાણ કરવામાં આવેલ કે તમારા સ.નં.માં સોલાર પમ્પનું વિજ જોડાણ ચાલુ હોવાથી બીજુ વિજ જોડાણ મળવાપાત્ર નથી અને તમારૂ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Junagadh

વિજ જોડાણ રદ કરવામાં આવેલ છે અને ઉભું થયેલ વિજ નેટવર્ક દફતરે કરવામાં આવશે.જ્યારે અમારૂ સર્વે થયેલ ત્યારે પણ સોલાર પમ્પ જે તે સ્થળ પર ચાલુ હાલતમાં હતો. સોલાર પમ્પના નાણાં અમોએ તા. ૪/૧૧/૨૦૧૫ ના રોજ ભરપાઈ કરેલ અને હાલમાં સોલાર પમ્પને પાંચ (૫) વર્ષ કરતા વધારે સમય પુર્ણ થઈ ગયેલ છે. અમારી વિજ જોડાણની માંગણીવારો સ.નં. ૧૬૭, આંબરડી દેવળીયા ૮.૦૬ એકર ક્ષેત્રફળનો છે.ગુજરાત સરકારશ્રીના ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગના પરિપત્ર ક્રમાંક જીયુવી -૨૦૧૬–૨૬૩૬-૬૧ સચિવાલય ગાંધીનગર તારીખ ૧૮/૧૦/૨૦૧૬ અનુસાર અરજદાર ૮ એકર કરતા વધુ જમીન ધરાવતો હોય તો તે જમીનમાં બીજુ વિજ જોડાણ આપવા અંગે જણાવેલ તે અનુસાર બીજુ વિજ જોડાણ મળવા પાત્ર છે. અમારી વિજ જોડાણની માંગણીવારો સ.નં. ૧૬૭, આંબરડી દેવળીયા જુના ૭/૧૨ તારીખ ૨૯/૦૩/૨૦૦૫ મુજબ હૈ. આશરે ૩-૨૬–૭૯ જે મુજબ ૮.૦૬ એકર ક્ષેત્રફળ છે પરન્તુ સરકારશ્રીના નવી જમીન માપણીના તા ૨૮/૦૫/૨૦૧૫ ના પ્રમોલગેશન પછી અમોની જમીનના ક્ષેત્રફળમાં ક્ષતી થયેલ છે.આ ક્ષતી અંગે અમોને ખબર પડતા અમોએ આ અંગે શ્રી ડી.ઈ.એલ આર સાહેબની કચેરી દેવ ભુમી દ્વારકા માં તારીખ ૦૨/૦૭/૨૦૨૧ ના રોજ અરજી આપેલ છે.આ જમીન માંથી અમોએ કયારેય પણ જમીનનો કોઈ હિસ્સો વેચાણ આપેલ નથી. અમોની ખેતીની જમીનમાં સોલાર પમ્પના નાણાં અમોએ તા. ૪/૧૧/૨૦૧૫ ના રોજ ભરપાઈ કરેલ અને હાલ માં સોલાર પમ્પ ને પાંચ (૫) વર્ષ કરતા વધારે સમય પૂર્ણ થઈ ગયેલ છે. અમોને સબ ડિવિઝન દ્વારા ૨૮/૦૯/૨૦૨૧ ના રોજ પાઠવેલ પત્રમાં અમારો સ.નં. ૮ એકરથી ઓછો છે તેવો ઉલ્લેખ કરેલ છે તે ભુલ ભરેલ છે. અમારૂ અંદાજપત્રક ભરપાઈ થઈ ગયેલ હોય અને સોલાર પમ્પના પણ પાંચ (૫) વર્ષ પુર્ણ થઈ ગયેલ હોય અમારૂ ખેતી વિષયક વિજ જોડાણ ચાલુ કરી આપવા વિનંતી. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અજય મુરૂભાઈ ગોજીયા, રહે.લાલપુર, તા.લાલપુર દ્વારા પીજીવીસીએલ ગ્રામ્ય સબ ડિવિજન ખંભાળિયા હેઠળ ના આંબરડી દેવળીયા મુકામે ખેતીવાડી સર્વે નંબર ૧૬૭ માં વીજ જોડાણ મેળવવા માટે તારીખ ૧૯.૦૨.૨૦૨૦ ના રોજ અરજી કરેલ છે અને તારીખ ૧૭.૧૨.૨૦૨૦ ના રોજ અંદાજ પત્રક ભરપાઈ કરવામાં આવેલ છે અને લાઇન કામ પૂર્ણ થયેલ છે. હવે પીજીવીસીએલ ગ્રામ્ય સબ ડિવિજન ખંભાળિયા દ્વારા પત્ર નંબર ૧૮૦૨ તારીખ ૨૧.૦૬.૨૦૨૧ થી એવું જણાવેલ છે કે ઉક્ત સર્વે નંબર માં સોલર પંપ નું ૧ વીજ જોડાણ ચાલુ હોય એકજ સરવે નંબર માં ૫ વર્ષ સુધી બીજું જોડાણ મળી શકે નહીં તેમજ સદર સર્વે નંબર વળી જગ્યા ૮ એકર થી ઓછી હોય વીજ જોડાણ મળવા પાત્ર ન હોય. જેથી તમારી અરજી દફતરે કરવામાં આવશે તેવું જણાવતા અરજદારે નારાજ થઈ સીજીઆરએફ સમક્ષ સંદર્ભિત પત્ર થી ઉક્ત ફરિયાદ કરેલ છે

3.૧ સદર ફરિયાદ અન્વયે નાયબ ઇજનેર ગ્રામ્ય સબ ડિવિજન ખંભાળિયા દ્વારા પત્ર નંબર KRSD/T/1778 DT. 19.05.2022 મુજબ રજૂ કરેલ જવાબ અન્વયે અરજદાર નું હાલ આંબરડી દેવળીયા મુકામે ખેતીવાડી સર્વે નંબર ૧૬૭ માં સોલર પંપ નું ૧ વીજ જોડાણ ગ્રાહક નંબર ૩૩૦૩૭૧૦૧૭૮૪ થી ચાલુ છે જે તારીખ ૨૮.૦૨.૨૦૧૬ ના રોજ રીલીઝ થયેલ છે.અરજદાર દ્વારા



Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Junagadh

સરકાર શ્રી ના ઉર્જા અને પેટ્રો કેમિકલ વિભાગ ના પરિપત્ર નંબર જીયુવી/-૨૦૧૬-૨૬૩૬-૬૧ તારીખ ૧૮.૧૦.૨૦૧૬ ના અનુસંધાને ૮ એકર થી વધુ જગ્યા ધરાવતા હોય બીજું વીજ જોડાણ મળવા પાત્ર હોય રૂ ૨૦૦/ રસીદ નંબર ૬૪૩૦૩૧ તારીખ ૧૯.૦૨.૨૦૨૦ ના રોજ થી રકમ ભરપાઈ કરી બીજા વીજ જોડાણ માટે અરજી કરેલ છે.

૩.૨ સદર અરજી અન્વયે અરજદાર દ્વારા અંદાજ પત્રક ની રકમ ભરપાઈ કરતાં વીજ જોડાણ આપવાની ની આગળ ની કાર્યવાહી કરવામાં આવેલ અને લાઇન કામ પૂર્ણ કરવામાં આવેલ.ફાઇલ ઓડિટ દરમિયાન અરજદાર ના સદર સર્વે નંબર માં ગ્રાહક નંબર ૩૩૦૩૭૧૦૧૭૮૪ થી એક સોલાર પંપ સેટ વાળું વીજ જોડાણ ઉપલબ્ધ હોય જેથી પરિપત્ર નંબર GUVNL/T/AKF/SOLAR/1009 DT. 30.05.2016 મુજબ પાંચ વર્ષ સુધી અન્ય જોડાણ મળવા પાત્ર ન હોય તેવું પત્ર નંબર JKD/REV/ DT. ૧૯૪૨ તારીખ ૧૧.૦૫.૨૦૨૧ થી ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી ને જણાવતા સબ ડિવિજન દ્વારા પત્ર નંબર કેઆરએસડી/૧૮૦૨ તારીખ ૨૧.૦૬.૨૦૨૧ થી અને પત્ર નંબર કેઆરએસડી/૧૨૭૮ તારીખ ૧૧.૦૪.૨૦૨૨ થી બીજું વીજ જોડાણ મળવા પાત્ર નથી તેવું અરજદાર ને જણાવેલ છે.વધુમાં અરજદાર ની જગ્યા 08 એકર થી ઓછી હોય પરિપત્ર GUVNL/T-2/RNR/2044 DT. 25.0.2022 મુજબ પણ બીજું જોડાણ મળવા પાત્ર નથી.

:: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે અરજદાર શ્રી ની તથા પીજીવીસીએલ પક્ષકાર ની રજુઆત મુદ્દા નં. ૩.૨ મુજબ અરજદાર ના સદર સર્વે નંબર માં ગ્રાહક નંબર ૩૩૦૩૭૧૦૧૭૮૪ થી એક સોલાર પંપ સેટ વાળું વીજ જોડાણ ઉપલબ્ધ હોય જેથી પરિપત્ર નંબર GUVNL/T/AKF/SOLAR/1009 DT. 30.05.2016 મુજબ પાંચ વર્ષ સુધી અન્ય જોડાણ મળવા પાત્ર ન હોવાનું જણાવેલ છે વધુ માં આ કિસ્સા મુજબ નું વીજ જોડાણ નીતિ વિષયક બાબત હોય જેથી વડી કચેરી ખાતે થી જે મુજબ ની ગાઈડલાઈન આવે તે મુજબ આગળ ની કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવે છે. અરજદારે ગાઈડલાઈન માં સુચના મુજબ ની શરતો નું પાલન કરવાનું રહેશે.

૪.૨ તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી એન.આઈ.ઉપાધ્યાય | શ્રી એન.સી.મકવાણા |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Junagadh

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Junagadh